# કલમ–૪(૧)ખ(૪)
# પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો

સુરત મહાનગરપાલિકાનાં વિવિધ નાગરિક સેવાઓ પૈકી રોડ ડેવલપમેન્ટ વિભાગે નીચે જણાવેલ પ્રકારે મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કેટલાક મુખ્ય કોરીડોર, અતિ મહત્વના લીંક રોડ તથા મહત્વના નકકી થયેલ અને સોંપવામાં આવેલ રસ્તાઓના વિકાસ, નિભાવ અને તે સંબંધિત ફરીયાદો નિકાલ કરવાની પ્રથા ગોઠવેલ છે.

(૧) કેટલાક નકકી થયેલ અને સોંપવામાં આવેલ મુખ્ય કોરીડોર, અતિ મહત્વના લીંક રોડ તથા મહત્વના રસ્તાઓને સીમેન્ટ કોન્ક્રીટના બનાવવા.

(૨) રાજય સરકારશ્રીની ગ્રાન્ટ અન્વયે ખાનગી રહેણાંક સોસાયટીના આંતરીક રસ્તાઓને સીમેન્ટ કોન્ક્રીટ બનાવવા બાબતે જરૂરી ડીઝાઈન, મટીરીયલ સ્પેશીફીકેશન તેમજ યુનીટ રેઈટ સહિત સ્થળ પરની કાર્યવાહી કરવાની ગાઈડલાઈન નક્કી કરી સદર પોલીસી મુજબ અમલીકરણ કરવાની કામગીરી.

(૩) શહેર વિસ્તારના મહત્વના નકકી કરેલ રસ્તાઓને ડામરથી કારપેટ કરવાની પધ્ધતિના વિકલ્પરૂપે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રસ્તા રીકારપેટ કરવા તથા પોલીમરીક/CGBM માર્ગ પધ્ધતિથી તથા માઈક્રોસરફેસીંગ ટેકનોલોજીથી રીસરફેસીંગ કરવા.

(૪) સુરત શહેર વિસ્તારમાં ટ્રાફિક આઈલેન્ડ, ફુટપાથ, પાર્કિંગ વિ. જાહેર સ્થળો માટે એકરૂપતા જળવાઈ રહે તે સારુ ઉપયોગમાં લેવાતા વિવિધ પ્રકારના પેવર બ્લોક, પ્રિકાસ્ટ કર્બના મેન્યુફકચર્સને એપ્રુવ કરી વેન્ડરલીસ્ટ બનાવવું અને નિયત થયેલ વેન્ડર લીસ્ટ પૈકીના મેન્યુફેકચર્સના પેવર બ્લોક, કર્બન વિગેરે તમામ સંબંધિત ઝોન / વિભાગ ધ્વારા ખરીદ કરાવવા સારૂ મંજુર પોલીસીમાં સમાવિષ્ટ શરતો, સમયમર્યાદા અને વેન્ડર લીસ્ટ પાઠવવાની કામગીરી.